



દેશની પશ્ચિમી સીમાના સરહદી તાલુકા એવા સુઈગામનો આર્થિક અને સામાજિક રીતે વિકાસ થાય, પ્રવાસન વિકસે, પ્રવાસનની સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી અને ધંધાની તકો ઉભી થાય, રણ વિસ્તારની જમીનો કાર્યસાધક ઉપયોગ થાય સાથે સાથે સરહદી તાલુકાની આગવી ઓળખ ઉભી થાય તેવા બહુવિધ હેતુઓ સિદ્ધ થાય તે હેતુથી નડાબેટ, ભારત - પાકિસ્તાન બોર્ડર ખાતે સીમા અશ્વ મહોત્સવનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. રાષ્ટ્રીય કક્ષાના ત્રિ-દિવસીય સીમા અશ્વ મહોત્સવ-૨૦૧૭ના મુખ્ય આકર્ષણોમાં શણગારેલા અશ્વ તથા અશ્વસવાર નિદર્શન, ઢોલના તાલે અશ્વના કરતબો, જંપીગ, પાટીદોડ, રેવાલચાલ, લાંબી અશ્વદોડ, બેરલ રેસ, મટકી ફોડ, ઉંટ દોડ, બળદગાડા દોડનો સમાવેશ થયો છે.

# અમદાવાદ ખાતે ફલાવર શોનો શાનદાર પ્રારંભ

## ૭૫૦થી વધુ જાતોના પાંચ લાખથી વધુ રોપાઓ : ફલાવર શોમાં વિવિધ જાતોના ૫ લાખથી વધુ રોપાઓના રક્ષણ માટે કુલ ૭૦ સીસીટીવી કેમેરા ગોઠવાયા

અમદાવાદ, તા. ૩

રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા આજરોજ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત સતત પાંચમા ફલાવરશોનો આરંભ કરાવવામા આવ્યો છે.આ ફલાવરશોમાં ૭૫૦ જેટલી વિવિધ જાતોના પાંચ લાખથી પણ વધુ રોપાઓના રક્ષણ માટે મ્યુનિસિપલ તંત્ર તરફથી ૭૦ જેટલા સીસીટીવી કેમેરા કાર્યરત કરવામાં આવ્યા છે.આ અંગેની વિગત એવી છે કે,આજથી ૧૩



જાન્યુઆરી સુધી ઈવેન્ટ સેન્ટરથી એલિસબ્રિજની વચ્ચે એક લાખ ચોરસ મીટર જગ્યામાં રૂપિયા ૧૮.૭૫ કરોડના ખર્ચથી બનાવવામાં આવેલા ફલાવરપાર્કના લોકાર્પણની સાથે જ રાજ્યના મુખ્યમંત્રી દ્વારા સતત પાંચમા ફલાવરશોનો પણ આરંભ કરાવવામાં આવ્યો હતો.તંત્ર તરફથી વિવિધ જાતોના રોપવામાં આવેલા દેશી અને વિદેશી એમ બંને પ્રકારના રોપાઓના રક્ષણ માટે ૭૦ જેટલા સીસીટીવી કેમેરા કાર્યરત કરવામાં આવ્યા છે.રિવરફ્રન્ટ ફલાવર પાર્કના મોટાભાગના વિસ્તારમાં હાલ જાત જાતના ફૂલો જોવા મળી રહ્યા છે.ઉપરાંત ૨૭૦૦ ચોરસમીટર વિસ્તારમાં ભવ્ય ડોમ મુલાકાતીઓ માટે ભારે આકર્ષણ બની રહેશે.પાર્કમાં ૭૦૦૦ જેટલા રોપાઓને ગ્રીનહાઉસમાં રાખવામાં આવ્યા છે.જેમાં રાખવામાં આવેલા ફૂલોનું ફોગિંગ સિસ્ટમથી જતન કરવામાં આવશે. તંત્રે ફલાવર પાર્ક માટે ખાસ ઠંડા અને ભેજવાળા પ્રદેશોમાં જોવા મળતા ઓકિર્ડ,એન્થોરિયમ ,ઝબેરા સહીતના દેશી અને વિદેશી ફૂલો આ વખતે રોપ્યા પણ છે.સૂત્રોમાંથી મળતી માહીતી અનુસાર,રાજ્યના મુખ્યમંત્રીએ ફલાવર શોને ખુલ્લો મુકયા બાદ આ અંગેની નોંધ પણ લીધી હતી. આ ઉપરાંત ફૂડકોર્ટમાં ૧૬ જેટલા ખાણી-પીણીના સ્ટોલમાં વિવિધ પ્રકારની વાનગીઓ મુલાકાતીઓને પીરસવામાં આવશે.



## માથાસુલિયા શાળામાં સાવિત્રિબાઈ ફુલેની જન્મ જયંતિ ઉજવાઈ

ભારતની પ્રથમ મહિલા શિક્ષિકા સાવિત્રિબાઈ ફૂલેના જન્મદિનની ઉજવણી માથાસુલિયા પ્રા. શાળામાં કરવામાં આવી હતી. સમાજમા નવજાગૃતિ અને કન્યા શિક્ષણના હિમાયતી અને સ્ત્રી અધિકારોને ઉત્તેજના આપનાર સાવિત્રિબાઈ ફૂલે વિશે બાળકોને વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. તેમજ સમાજમાં રહેલા કુરિવાજો નાબુદ કરવા પણ સમજાવ્યું હતું. સ્ત્રી કેળવણીનો પાયો નાખનાર સાવિત્રિબાઈ ફૂલેના જન્મ દિને શાળાની બાળાઓને ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચી સમાજમાં જાગૃતિ લાવવા જણાવ્યુ હતુ. સા.વિ.ના શિક્ષક રણજીતકુમાર વણકરના આયોજન હેઠળ ડૉ. શિવશંકર જોષીએ આ કાર્યક્રમનું સુચારૂ સંચાલન કર્યુ હતું. શાળાના મુખ્ય શિક્ષક તથા સ્ટાફ મિત્રોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# નોટબંધી એ ભાજપ સરકાર માટે હેડલાઈન છે અને કોઈ ડેટલાઈન નથી : શંકરસિંહ વાઘેલા

ગાંધીનગર, તા. ૩

સરકારી સંસ્થા અને ગુજરાતની રીઝર્વ બેન્કના ઓથા હેઠળ થયેલ બારોબાર નાણાંકીય વ્યવહાર, નોટબંધી અને મોટા પાયે કરોડો રૂપિયાની હેરાફેરીના સીસીટીવી ફુટેજ કેન્દ્ર સરકાર પ્રજા સમક્ષ મુકે અને નવી અને જૂની નોટો સાથે પકડાયેલા મોટા ભાગના ભાજપના આગેવાનો અને મળતીયાઓની યાદી જાહેર કરે તેવી રજુઆત વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કરી છે.

ગુજરાત વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કેન્દ્ર સરકાર ઉપર આપેક્ષ કરતાં જણાવ્યું હતું કે દેશમાં વડાપ્રધાન પદનું સુકાન સંભાળ્યાને આજે એનડીએની ભાજપ સરકારના ૧ હજાર દિવસ પૂર્ણ થયા પછી પણ કરેલી પોકળ વિવિધ જાહેરાતો માત્ર ને માત્ર પોતાની સ્વપ્રસિદ્ધિ માટે જે રીતે ગુજરાતમાં ૧૩ વર્ષના ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીના શાસનમાં જાહેરાતો થતી હતી અને ખર્ચા ઉધારાતા હતા પણ પ્રજાહિત દેખાતુ ન હતુ. દેશમાં પણ પ્રજાને છેતરી, મુર્ખ બનાવી ભ્રામકતા ઉભી કરીને મત મેળવી સત્તા હાંસલ કરવા સિવાય બીજુ કંઈ જ નહોતુ એમાં પ્રજાનું કોઈપણ ક્ષેત્રે કલ્યાણ થયું નથી.

બનાસકાંઠાના ડિસામાં સભામાં પ્રધાનમંત્રી બટાકા પકવતા ખેડૂતો માટે જાહેરાત કરે કે ખરાબ દિવસો પુરા થયાં હવે તમે બટાકા મશીનમાં નાંખશો અને તેમાંથી વેફર નીકળે અને તે રૂ. ૫૦ના ભાવે વેચાશે જેનાથી તમે ન્યાલ થશો. હકીકતમાં ખેડૂતોને ખેતપેદાશોના ભાવ મગફળી, કપાસ, ઘઉં, ડાંગર, શેરડી કે કોઈપણ ખેત પેદાશમાં પોષણક્ષમ ભાવ ન મળતા હોવાથી પરેશાન તો છે જ અને તેના ભાગરૂપે ડીસાના ખેડૂતોએ પોતાના લાખો ટન બટાકા રસ્તા ઉપર ફેંકી નાશ કરી પ્રધાનમંત્રી સામે નારાજગી વ્યક્ત કરી હતી.

નોટબંધીના કારણે સર્વિસ સેક્ટરમાં પી.એમ.આઈ.માં ઘટાડો ઉત્પાદન વિકાસદરમાં ઘટાડો બેરોજગારીમાં વધારો અસંગઠિત ક્ષેત્રમાં કાપ કરતા શ્રમિકોને ભારે હાલાકી સાથે દેશના વિકાસદરમાં પણ સૌથી મોટી અસર દેખાઈ રહી છે. નાના દુકાનદારોના રોજીંદા વેપારમાં સરેરાશ ૪૦ ટકાનો વેપાર ઘટી ગયો છે.

## હાથીજણ વિસ્તાર બર્ડફ્લૂ એલર્ટ ઝોન જાહેર થયું છે

અમદાવાદ, તા. ૩

શહેરના પૂર્વઝોનમાં આવેલા હાથીજણ વિસ્તારમાં આજે લેવામાં આવેલા પક્ષીઓને લગતા સેમ્પલોની તપાસને અંતે કલેકટર દ્વારા હાથીજણ ખાતે આવેલા આશા ફાઉન્ડેશનની આસપાસના એક કિલોમીટરને ચેપી વિસ્તાર અનો આસપાસના દસ કિલોમીટરના વિસ્તારને એલર્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવતા રાજયના પશુપાલન વિભાગ ઉપરાંત મ્યુનિસિપલ હેલ્થ વિભાગ સહીતની ટીમોને કાર્યરત કરી દેવામાં આવી છે.

# નોટબંધીની નિષ્ફળતાઓના મુદે કોંગ્રેસ કલેક્ટર કચેરીનો ઘેરાવ કરશે

## મહેસાણામાં ૫ જાન્યુઆરીએ કોંગ્રેસ ઘેરાવ કરશે જ્યારે ૮ જાન્યુઆરીએ મહિલાઓ થાળી વેલણ વગાડશે

મહેસાણા, તા. ૩

મહેસાણા ખાતે આગામી ૫ જાન્યુઆરીના રોજ કોંગ્રેસના કાર્યકરો કલેક્ટર કચેરીનો ઘેરાવ કરીને ભાજપની કેન્દ્ર સરકાર નોટબંધીના નિર્ણયમાં નિષ્ફળ નિવડી હોવાના મુદ્દે ઉગ્ર દેખાવો કરશે જ્યારે ૮ જાન્યુઆરીના દિવસે મહિલા કાર્યકરો જિલ્લા મથકે એકઠી થઈને થાળી વેલણનો ગુંજારવ કરીને પોતાનો વિરોધ દર્શાવનાર છે.

નોટબંધીને ૫૦ દિવસની મુદત પુરી થઈ હોવા છતાં પણ હજુયે પ્રજાને અનેકવિધ હાડમારીઓ ભોગવવી પડે છે. વળી આંતકવાદ અને કાળા નાણાંના બહાના હેઠળ નોટબંધીનો નિર્ણય કરીને મોંઘવારી, ભ્રષ્ટાચાર અને રોજગારીની સમસ્યાઓ ઉકેલવામાં નિષ્ફળ નિવડેલ મોદી સરકારે પ્રજા આક્રોશથી બચવા નોટબંધીનો નિર્ણય કર્યો હતો. પરંતુ આ સમસ્યાઓ ઠેરની ઠેર જ રહી છે તેવું કહેતા પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા લાલજી દેસાઈએ જણાવ્યું હતું કે, કેન્દ્રની સરકાર દરેક મોરચે નિષ્ફળ રહી છે તેથી કોંગ્રેસ પક્ષે પ્રજા સુધી તેમની નિષ્ફળતાઓ પહોંચાડવા માટે કાર્યક્રમો જાહેર કર્યા છે તે મુજબ આગામી ૫ જાન્યુઆરીએ મહેસાણા ખાતે કલેક્ટર કચેરીનો કોંગ્રેસના કાર્યકરો ઘેરાવો કરશે જ્યારે ૮ જાન્યુઆરીના રોજ મહિલા કાર્યકરો થાળી વેલણ વગાડીને ભાજપને જગાડવા દેખાવો કરી પોતાનો વિરોધ પ્રદર્શિત કરનાર છે. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસના પ્રમુખ કિર્તીસિંહ ઝાલા, જિલ્લા પંચાયતના પ્રમુખ રણજિત ઠાકોર, પાલીકાના ઉપપ્રમુખ જયદિપસિંહ ડાભી, મુકેશ પટેલ, ભૌતિક ભટ્ટ સહિતના કાર્યકરોએ હાજરી આપી હતી.

## મકરસંક્રાંતિ પર પશુઓને ધાન્ય ન ખવડાવવા સૂચન

અમદાવાદ, તા. ૩

મકરસંક્રાંતિનું પર્વ આપણા રાજયમાં ખુબ જ ઉમંગ અને ઉત્સાહથી ઉજવવામાં આવે છે. આ પર્વમાં દાનના હેતુથી અબોલ પશુધનને બાજરી, જુવાર વગેરે જેવું ધાન્ય પલાળીને, રાંધીને કે દળીને ખવડાવવાની પરંપરા છે. ઘાસચારો ખાતે પ્રાણીઓની પાચન પ્રક્રિયા તદન ભિન્ન પ્રકારની હોઈ, આ પ્રકારના ધાન્ય જાણે અજાણે અપ્રમાણસર માત્રામાં વધુ પ્રમાણમાં ખવડાવવાથી પશુને એસીડોસીસ, પોઈઝનીંગ, આફરો જેવી વિવિધ જીવલણે બિમારીઓ થવાની પુરેપુરી સંભાવના હોય છે. આવી આકસ્મિક બિમારીમાં તાત્કાલિક સારવાર ન મળે તો પશુનું મૃત્યુ પણ નિપજે છે. જેના કારણે પશુ માલિકોને ભારે આર્થિક નુકસાન થાય છે. તદઉપરાંત પશુને વધુ પ્રમાણમાં એકલો લીલો ચારો ખવડાવવાથી પમ આ પ્રકારની બિમારીનો ભોગ બને છે.



## હિંમતનગરમાં પૂર્વ સાંસદ મધુસુદન મીસ્ત્રીનો જન્મદિન ઉજવાયો

સાબરકાંઠા જિલ્લાના પૂર્વ સાંસદ અને રાજ્યસભાના સભ્ય મધુસુદન મીસ્ત્રીના જન્મદિન નિમિત્તે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રમુખ ગોપાલસિંહ રાઠોડની આગેવાની હેઠળ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કેક કાપી મધુસુદન મીસ્ત્રીના ખૂબ લાંબા આયુષ્યની પ્રાર્થના કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તાલુકા પ્રમુખ રણજીતસિંહ સોલંકી, અશોક પટેલ, શહેર પ્રમુખ સતિષભાઈ શાહ, નગરપાલિકા વિરોધ પક્ષના નેતા જગદીશભાઈ જયસ્વાલ, ઈમરાનભાઈ બાદશાહ, નિર્મલાબેન પંચાલ, સાજેદાબેન ડોઈ, ભૂપેન્દ્રભાઈ ગોસ્વામી, હુસેન દિવાન, ઈશાક શેખ, રાજેન્દ્રસિંહ પરમાર તેમજ શહેરના અગ્રણી કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગુલમહોર ● ૪ પાનાનું ચાલુ...

ઈચ્છા હોય એ સ્વાભાવિક છે. લગ્નના પંદર વર્ષ પછી પ્રીતિ આજે હવે સમજવા માંડી છે કે તેને પતિએ પ્રેમના રુપાળા નામ હેઠળ સતત વોચમાં જ રાખી છે અને જાણે પ્રેમના નામે પતિએ માલિકીપણાની જેલમાં જ રાખી છે.

પ્રીતિ કહે છે કે ''મારા લગ્ન પહેલા મા-બાપના ઘરે હું ટુ-વ્હીલર અને કાર ચલાવતી જ હતી. મને વાહન ચલાવતા આવડે છે. આમ છતા મારો પતિ મને દરરોજ સવારે ઓફિસે મૂકવા અને સાંજે લેવા માટે આવે. બહારથી જોનારને એમ જ લાગે કે પતિ મારી કેટલી બધી કાળજી રાખે છે. પરંતુ આ કાળજી નહીં કારાવાસની ફિલિંગ્સ છે. હું એકલી ઘરની બહાર ક્યાંય જઈ જ ન શકું. કેમ કે હરિકૃષ્ણ મારી જોડે ને જોડે જ બધે આવે. મારે શોપિંગ કરવાનું હોય તો પણ સાથે આવે. મારે બ્યુટી પાર્લર જવાનું હોય તો પણ સાથે આવે. કોઈ બહેનપણીના ઘરે જવું હોય તો પણ સાથે આવે. મારી ઓફિસમાં હું સ્વતંત્ર શ્વાસ લઈ શકું. ઘરે આવ્યા પછી તો મને જાણે એમ જ લાગે કે હું જેલની ચાર દીવાલોમાં કેદ થઈ ગઈ છું. એકલી ક્યાંય બહાર જવાનું જ નહીં. દુનિયાની નજરમાં હું નસીબદાર ગણાઉં અને બધા મને કહે પણ ખરા કે તું ખુબ કિસ્મતવાળી છે. મારી બહેનપણીઓ સાથે હું ક્યાંય બહાર જઈ શકું નહીં. મારા ઘરમાં હું કિટ્ટી પાર્ટી ઓર્ગેનાઈઝ કરીને બધી બહેનપણીઓને આમંત્રિત કરી શકું. પરંતુ મારી ફ્રેન્ડઝમાંથી કોઈના ઘરે આવી પાર્ટી હોય તો મારો પતિ મને એમ કહે કે તું જઈશ તો હું એકલો પડી જઈશ. આમ બાહ્ય દૃષ્ટિએ પ્રેમ જણાય. પરંતુ તેનો મને એકલી જવા દેવાનો સાફ ઈન્કાર જ હોય. મારી ફ્રેન્ડઝને પણ

આભાર - નિહારીકા રવિયા અહેસાસ ન થાય કે હું સુખી છું કે દુઃખી છું. કદાચ હું પતિ અને પરિવાર માટે રુપિયા કમાઈ લાવનાર જાદુઈ ચિરાગ જેટલું જ મહત્વ ધરાવું છું.''

પ્રીતિ અને હરિકૃષ્ણ એ આપણા સમાજની આ વાસ્તવિકતા છે. બધા પતિ-પત્ની વચ્ચે આ પ્રકારના સંબંધો હોય એવું કહેવાનો આશય નથી. પરંતુ આજે એકવીસમી સદીમાં પણ પ્રેમના નામે દંભ અને લાગણીના નામે છેતરપિંડી થતી રહે છે. જેમાં પુરુષની અથવા સ્ત્રીના આસપાસના લોકોની નાટકીય અભિનય સાથેની રજુઆત જ એવી હોય છે કે સ્ત્રીને એ હકીકત સમજવામાં ઘણું મોડું થઈ જતું હોય છે. અથવા સ્ત્રી બધું જ જાણતી અને સમજતી હોવા છતા પ્રેમના નામે પતિ યા પુરુષ થકી લાગણીની રીતે છેતરાતી રહે છે. જે રસ્તો જ અસત્યનો હોય એ જાણવા છતા સ્ત્રી સમર્પણ પસંદ કરે છે અને અસત્યનો રસ્તો છોડતી નથી યા છોડવા માટે બહુ મોડું થઈ ચુક્યું હોય. જીવનની સરેરાશ આ વાસ્તવિકતા છે.

સ્ટોપરઃ-

''તમે પ્રેમમાં રસબસ રહો, ભરપુર રહો. પ્રેમ તમને જીવન જીવવાનો રાહ બતાવે છે. પ્રેમ તમને ઘણું બધું શીખવે છે. પ્રેમમાં શંકા હોય તો એ માર્ગ છોડી દો. કારણ કે પ્રેમ શંકા નથી. પ્રેમ સમસ્યા નથી, સમાધાન છે.''

—ઓશો

## ડિઝાસ્ટર પ્લાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પ્લાન અંતર્ગત ખાસ ઈમરજન્સી એકઝીટ પોઈન્ટ પણ સુનિશ્ચિત કરવામાં આવ્યા છે. શહેરમાં મરેલા પશુધનને તાત્કાલિક ઉપાડી લેવા તેમજ રખડતા પશુઓ ક્યાંય દેખાય નહિ તે માટે પણ ખાસ ટીમો બનાવામાં આવી છે અને તેના મોનીટરીંગ માટે એક સમિતિ પણ રચવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આ ઉપરાંત મહાત્મા મંદિર અને ગ્લોબલ ટ્રેડ શૉ ના સ્થળે તબીબી સેવા માટે મીની સારવાર કેન્દ્રો પણ ઉભા કરવામાં આવશે. ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અંતર્ગત પડી જાય તેવા વૃક્ષો હટાવવા તેમજ ઘેઘૂર બનેલા વૃક્ષોના ટ્રીમીંગ માટે પણ વન વિભાગને તાકીદ કરવામાં આવી છે. આ પ્લાન અંતર્ગત આઈસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સની સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.

## કર્મીઓ સંદર્ભે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકાર સંપૂર્ણ સંવેદનશીલતા સહાનુભૂતિ પૂર્વક શકયત યોગ્ય કરવા આગળ વધી રહી છે. અને કર્મચારી એસોસિએશનની રજુઆતના આધારે રાજય સરકાર આગામી ૧૦ જાન્યુઆરીએ સુપ્રીમકોર્ટડમાં એફિડેવીટ કરવાની છે. પરંતુ કેટલાક પરિબળો દ્વારા પ્રજામાં ઉશકેરાટ કરવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, રાજયમાં અશાંતિ ફેલાવવાના બદ ઈરાદાના પ્રયત્નો નિષ્ફળ ગયા છે, ત્યારે અગાઉ સામ સામે આક્ષેપો કરનાર અને જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચે વર્ગ વિગ્રહ ઉભો થાય તેવા પ્રયત્નો કરતા લોકો હવે રાજય સરકારના કર્મચારીઓને આગળ ધરીને તેમના નામે અપપ્રચાર કરી રહ્યા છે. રાજય સરકારે આ વર્ષે ૬૭ હજારથી વધુ કર્મચારીઓની એક જ વર્ષમાં ભરતી પ્રક્રિયા હાથ ધરી છે.

## પ્રાથમિક શાળાઓને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રકાશનના પુસ્તકોનો ઉપયોગ કરવાના મામલે નોટીસ આપવામાં આવી છે. જેમાં સે-૭ જે એમ ચૌધરી સ્કુલ, સે-૨૩ એસ જી પટેલ શાળા, સે-૩ એસ એસ વી સ્કુલ તેમજ સે-૬ નાણાંવટી સ્કુલનો સમાવેશ થાય છે. અંગ્રેજી માધ્યમની આ શાળાઓને જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી છે. શાળાઓમાં અમુક વિષયના પુસ્તકો ખાનગી પ્રકાશનના ઉપયોગમાં લેવાતા હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે આ પ્રકારના પ્રકાશનના પુસ્તકોનો ઉપયોગ કરવા બદલ ખુલાસો પુછવામાં આવ્યો છે. જેમાં આ શાળાઓના સંચાલકોએ સંદર્ભ તરીકે પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવતો હોવાનુ પણ શિક્ષણતંત્રને જણાંવ્યુ છે.

જયારે શાળા સંચાલકોના જવાબના અંતે આગળ તપાસ હાથ ધરવામાં આવશે. તેમ પણ શિક્ષણાધિકારીએ જણાંવ્યુ છે. નગરની શાળાઓમાં ખાનગી પ્રકાશનના પુસ્તકોનો ઉપયોગ અટકાવવા માટે જિલ્લા શિક્ષણતંત્ર જાગૃત બન્યુ છે.

## ધરપકડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બંદોપાધ્યાયની ધરપકડ કરવામાં આવ્યા બાદ પાર્ટીની ઈમરજન્સી બેઠક બોલાવવામાં આવી હતી. મમતાએ એમ પણ કહ્યું હતું કે, પાર્ટી આ ધરપકડની સામે કોર્ટમાં રજૂઆત કરવાના મૂડમાં છે. મમતા બેનર્જીનું કહેવું છે કે, તેઓ સુદીપ બંદોપાધ્યાયની ધરપકડ સામે કોર્ટમાં જશે. મમતાએ કહ્યું છે કે, અમે કાયદાકીય પ્રક્રિયાથી આગળ વધીશું અને કોર્ટમાંથી ન્યાય માંગીશું. અત્રે ઉલ્લેખનીય છે કે, સીબીઆઈએ રોજવેલી ચીટફંડ સ્કેમ મામલામાં સંડોવણીને લઈને પુછપરછ માટે સુદીપ બંદોપાધ્યાય અને પાર્ટીના અન્ય એક સાંસદ તાપસ પૌલ સામે સમન્સ જારી કરવામાં આવ્યો હતો. પોલને પુછપરછ બાદ સીબીઆઈએ ૩૦મી ડિસેમ્બરના દિવસે પકડી લીધા હતા.

ભુવનેશ્વરમાં સીબીઆઈની ખાસ અદાલતમાં ઉપસ્થિત થયા બાદ તેમને ત્રણ દિવસ માટે સીબીઆઈ રિમાન્ડ પર મોકલી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સુદીપ બંદોપાધ્યાયની ધરપકડ કરવામાં આવ્યા બાદ તેના ઘેરા પ્રત્યાઘાત પડે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મમતા બેનર્જીએ જાહેરાત કરી છે કે, તૃણમુલ કોંગ્રેસ સુદીપની ધરપકડ સામેના વિરોધમાં આવતીકાલથી ધરણા પ્રદર્શન કરશે. સીબીઆઈએ જાન્યુઆરી ૨૦૧૬માં રોજવેલી ચીટફંડ કૌભાંડમાં પહેલાથી જ ચાર્જશીટ દાખલ કરી છે. આ ચાર્જશીટમાં મુખ્ય આરોપી તરીકે કંપનીના સીએમડી ગૌત્તમ કંદુના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ સુદીપ બંદોપાધ્યાયની આજે અગાઉ કોલકાતામાં તેમની ઓફિસ ઉપર પુછપરછ કરવામાં આવી હતી ત્યારબાદ સીબીઆઈએ તેમની ધરપકડ કરી લીધી હતી. આ કૌભાંડના સંદર્ભમાં પહેલાથી જ અન્ય તૃણમુલ સાંસદ તાપસ પૌલ પોલીસ કસ્ટડીમાં છે. બંદોપાધ્યાયએ પોતાની પ્રતિક્રિયામાં કહ્યું છે કે, એનડીએ શાસિત કેન્દ્ર સરકાર દ્વારા તૃણમુલ કોંગ્રેસ અને તેમની સામે રાજકીય દ્વેષભાવ રાખીને કાર્યવાહી કરી છે. હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તૃણમુલ નેતા મમતા બેનર્જી ટાર્ગેટ બનાવી રહ્યા છે ત્યારે તેમની ધરપકડ કરાઈ છે.

## બજેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં બોન્ડ વેચાણની રકમ સરકારે ઘટાડી દીધી હતી. સરકારી ડિપોઝિટ સ્કીમમાં ફંડ પ્રવાહમાં વધારો થઇ ગયા બાદ જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં બોન્ડ વેચાણની રકમ ઘટાડવામાં આવી હતી. સરકાર જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં ડેબ્ટમાં ૬૬૦૦૦ કરોડનું વેચાણ કરનાર છે. એક નિવેદનમાં રિઝર્વ બેંકે કહ્યું છે કે, ૧૮૦૦૦ રૂપિયા અગાઉના બજેટ કરતા ઓછા છે. મંગળવારના દિવસે તેલ કિંમતોમાં તેજી જોવા મળી હતી. બજેટ સત્રના પ્રથમ તબક્કાને લઈને હાલમાં ચર્ચાઓનો દોર ચાલી રહ્યો હતો પરંતુ બજેટને વહેલીતકે રજૂ કરવાની હિલચાલ છેલ્લા ઘણા સમયથી હાથ ધરવામાં આવી હતી. સંસદીય બાબતો અંગેની કેબિનેટ સમિતિએ બજેટ પ્રક્રિયામાં ધરખમ સુધારાની ભલામણ કરીને બજેટ સત્રને ૩૧મી જાન્યુઆરીથી શરૂ કરવાની ભલામણ કરી છે.

પહેલી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરવામાં આવશે. સંસદમાં બંને ગૃહોને રાષ્ટ્રપતિનું સંબોધન અને આર્થિક સર્વે ૩૧મી જાન્યુઆરીના દિવસે રજૂ થશે. બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૯મી ફેબ્રુઆરી સુધી ચાલશે. ગૃહમંત્રી રાજનાથસિંહના નેતૃત્વમાં સીસીપીએની બેઠક દિલ્હીમાં મળી હતી જેમાં આ તમામ ભલામણો રાષ્ટ્રપતિને કરવામાં આવી ચુકી છે. બેઠકમાં સંસદીય બાબતોના મંત્રી અનંતકુમાર, કાયદામંત્રી રવિશંકર પ્રસાદ, સંસદીય બાબતોના મંત્રી મુખ્તાર અબ્બાસ નકવી ઉપસ્થિત રહ્યા હતા.

## બેઠક ફ્લોપ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શકે છે. અખિલેશે મુલાયમને એમ પણ કહ્યું છે કે, શિવપાલ યાદવને પ્રદેશની રાજનીતિથી દૂર રાખવામાં આવે. આના માટે તેમને કેન્દ્રની રાજનીતિમાં મોકલવા માટેનું સૂચન કરવામાં આવ્યું છે. અખિલેશે અમરસિંહની હકાલપટ્ટી કરવાની પણ માંગણી કરી છે. મડાગાઠ યથાવતરીતે જારી રહી છે. ઉત્તરપ્રદેશમાં ટોપલીડરશીપ દ્વારા કોઈપ ફોર્મ્યુલા ઉપર કામ ચાલી રહ્યું છે પરંતુ હજુ સુધી સમજૂતિ થઈ શકી નથી. ઉત્તરપ્રદેશના રાજકારણમાં જોરદાર ગરમી આવી ગઈ છે. આને લઈને નુકસાન સમાજવાદી પાર્ટીને થાય તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે.